# બેંકના પ્રિમાઈસીસમાં ગ્રાહકને સુરક્ષા પૂરી પાડવાની બેંકની ફરજ




બેંકના કેશ કાઉન્ટર પર કરન્સી નોટ ગણી રહેલી વ્યકિતને ‘‘લાવો તમને નોટ ગણવામાં મદદ કરું’’ એમ કહીને મદદ કરવાના બહાને અથવા ’’અરે, જુઓ તમારી કેટલીક નોટ નીચે પડી ગઈ’’ એમ કહીને તેનું ધ્યાન બીજે દોરીને તેની કરન્સી નોટ સેરવી લેવાના યા લૂંટી લેવાના પ્રસંગો વારંવાર બનતા રહે છે. કેટલીક વાર બેગમાં ભરીને રોકડા નાણાં લાવતી યા એ રીતે બેંકમાંથી બેગમાં ભરીને કેશ લઈ જતી વ્યકિતના હાથમાંથી બેગ લૂંટી લેવાના પ્રસંગો પણ બનતા રહે છે.

બેન્કના પ્રિમાઈસીસમાં ગ્રાહકને સુરક્ષા પૂરી પાડવાની બેંકની ફરજ હોવાનું તેમ જ બેંકના પ્રિમાઈસીસમાંથી ગ્રાહકની લૂંટી લેવાયેલી રકમ માટે વળતર ચૂકવવા બેંક જવાબદાર થતી હોવાનું કર્નલ ડી.એસ. સાચર વિરૂધ્ધ પંજાબ એન્ડ સિંધ બેંકના કેસમાં સર્વોચ્ચ ગ્રાહક અદાલત એટલે કે નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટસ રીડ્રેસલ કમિશને ઠરાવ્યું હતું. આ કેસમાં બન્યું એવું હતું કે પંજાબ એન્ડ સિંધ બેંક (સામાવાળા)ની મોહાલી શાખામાં કરન્ટ એકાઉન્ટ ધરાવતાં નિવૃત કર્નલ ડી.એસ. સાચર (ફરિયાદી), રૂ.45,000/- રોકડા બેગમાં લઈને સામાવાળા બેંકમાં પોતાના કરંટ અકાઉન્ટમાં જમા કરાવવા માટે ગયા હતા. બપોરે 1:45 ના સુમારે ફરિયાદી કેશ કાઉન્ટર પર લાઈનમાં ઊભા હતા ત્યારે તેમના હાથમાંની બેગ કે જેમાં રૂ.45,000|- રોકડા હતા તે એક ગઠિયો ઝૂંટવીને ભાગ્યો હતો. ફરિયાદીએ બૂમો પાડી હતી અને બેગ ઝૂંટવીને નાસી જનાર વ્યકિત પાછળ દોડયા પણ હતા પરંતુ પેલો ગઠિયો બેંકમાંથી ઝડપભેર બહાર નીકળીને સ્કૂટર પર સવાર થઈને ફરાર થઈ ગયો હતો. આ પ્રસંગ બન્યો ત્યારે બેંકના પ્રવેશદ્વાર પર કોઈ સીકયોરીટી ગાર્ડ / ગનમેન હાજર ન હતો અને પ્રવેશદ્વારના કોલેપ્સીબલ ગેટ પર ચેન પણ લગાવવામાં આવી ન હતી. આમ, સલામતીની વ્યવસ્થાને નામે મીંડું હતું. વળી, બેંકના અધિકારીઓ તાત્કાલિક સતર્ક થઈ સાયરન એલાર્મ પણ વગાડી શકયા ન હતા. બેંકના પ્રિમાઈસીસમાંથી પોતે ગુમાવેલા રૂ. 45,000 માટે બેંકના પક્ષે થયેલ બેદરકારી અને સેવામાં ક્ષતિ જવાબદાર હતી એમ જણાવીને ફરિયાદીએ જિલ્લા ગ્રાહક અદાલત સમક્ષ પોતે ગુમાવેલ રૂ. 45,000 - 18% લેખેના વ્યાજસહિત તેમ જ શારીરિક અને માનસિક પીડા અને હેરાનગતિ માટે બીજા રૂ.15,000|- નું વળતર અપાવવાની મદદ માંગતી ફરિયાદ દાખલ કરી હતી. જિલ્લા ગ્રાહક અદાલતે ફરિયાદીની ફરિયાદ નામંજૂર કરી હતી જેની સામે ફરિયાદી કરેલ અપીલ પણ ચંડીગઢ યુનિયન ટેરીટરીના સ્ટેટ કમિશને રદ કરી હતી જેથી ફરિયાદીએ નેશનલ કમિશનના દ્વાર ખટખટાવવાં પડયાં હતાં. નેશનલ કમિશને પોતાના ચુકાદામાં બેંકની અને બેંકના ગાર્ડની ફરજ વિષે ચર્ચા કરતાં જણાવ્યું હતું કે બેંકમાં બેંક દ્વારા નિયુકત સશસ્ત્ર ગાર્ડની ફરજ બેંકની રોકડ રકમ અને કિંમતી સંપત્તિઓનું રક્ષણ કરવાની તેમ જ બેંકના કર્મચારીઓ અને ગ્રાહકોને લૂંટ- ડકૈતી, ચીલઝડપ, સ્નેચીંગ વગેરેથી રક્ષણ પૂરું પાડવાની છે અને રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નકકી કરેલી ગાઈડ લાઈન્સમાં પણ ઉપરોકત ફરજો દર્શાવવામાં આવી છે. બેંકના પ્રિમાઈસીસમાં રોકડ નાણું જમા કરવા યા ઉપાડવા આવેલા ગ્રાહકને સુરક્ષા પૂરી પાડવાની ફરજ બેંકની ગ્રાહક પ્રત્યેની સેવાનો જ એક ભાગ ગણી શકાય. ફરિયાદવાળા કિસ્સામાં બેંક પોતાના પ્રિમાઈસીસમાં જ ગ્રાહકને સુરક્ષા પૂરી પાડી શકી ન હોવાથી બેંકના પક્ષે થયેલ બેદરકારી અને સેવામાં ક્ષતિ થઈ હોવાનું ઠરાવી નેશનલ કમિશને બેંક પ્રિમાઈસીસમાંથી ફરિયાદીના લૂંટાયેલા રૂ.45,000- ફરિયાદીને ફરિયાદની તારીખથી ચૂકવણી તારીખ સુધી સમગ્ર સમયગાળા માટેના વાર્ષિક 9% લેખેના વ્યાજસહિત તેમ જ ફરિયાદીને થયેલ શારીરિક, માનસિક ત્રાસ, હેરાનગતિ, હાડમારી વગેરે માટે રૂ. 5,000 ના વળતર સહિત ચૂકવી આપવાનો હુકમ આપ્યો હતો. એ જ રીતે જો બેંકના પ્રિમાઈસીસમાં ગ્રાહક પર શારીરિક હુમલો થાય અને બેંક ગ્રાહકને સુરક્ષા પૂરી પાડવામાં નિષ્ફળ જવાના સંજોગોમાં પણ બેંક વળતર ચૂકવવા જવાબદાર બની શકે છે. આમ આ અને આવા અન્ય ચુકાદાથી એક મહત્ત્વનો સિધ્ધાંત પ્રસ્થાપિત થયો છે. બેંકના પ્રિમાઈસીસમાં ગ્રાહકની રોકડ રકમો (અને કિંમતી સંપત્તિ અને જાનમાલ)નું રક્ષણ કરવાની બેંકની ફરજ છે તેમ જ મજકૂર ફરજમાં ચૂક થવાના સંજોગોમાં ગ્રાહકને થયેલું નુકસાન ભરપાઈ કરવા માટે બેંક જવાબદાર બનશે.

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઇ (એડવોકેટ)

**-:: કેન્ડલ લાઇટ ::-**
પ્રેમ એક એવો શબ્દ છે જેની એક પણ વ્યાખ્યા સંપૂર્ણ ન હોઇ શકે.
- સૌરભ શાહ

# આંખનું સ્વાસ્થ્ય: તમારી દ્રષ્ટિને સુરક્ષિત રાખવા માટે શું ધ્યાન રાખશો?

ઈત્તેફાક્'ની કલમે લખાયેલ એક શેર યાદ આવે છે કે નઝર નઝર હૈ અલગ સી, બાકી નઝારે તો સબ એક હી હૈ! કેવી અદભુત વાત છે ને જીવનમાં કે બધાંને બે આંખ સરખી જ મળી છે, આપણે સૌ જે જોઈએ છીએ એ લગભગ એક સરખો જ નજારો જોઈએ છીએ પણ જોવાનો નઝરિયો એટલે કે નઝર સૌની અલગ અલગ હોય છે. આજે એ નઝર અને નઝરિયો બંને માટે કારણભૂત સંવેદનશીલ અંગ આંખો વિશે અત્યંત જરૂરી એવી અને કદાચ અત્યંત બેઝિક પણ આપણે જેને અવગણી કાઢીએ છીએ એવી વિવિધ બાબતો પર થોડો પ્રકાશ પાડીએ! આંખ સૌથી મહત્ત્વપૂર્ણ સંવેદનાત્મક અંગોમાંનું એક છે, જે આપણને વિશ્વને દૃષ્ટિની રીતે અનુભવવા દે છે. આંખનું પોતાનું ખાસ મહત્ત્વ હોવા છતાં, આપણામાંના ઘણા લોકો આપણી આંખના સ્વાસ્થ્યને ધ્યાને લેતા નથી. સ્ક્રીન સમય અને જીવનશૈલીમાં ફેરફાર સાથે, તંદુરસ્ત દ્રષ્ટિને પ્રોત્સાહન આપતી દૈનિક પદ્ધતિઓ અપનાવવી મહત્ત્વપૂર્ણ છે.



આંખની સંભાળને સમજવા માટે, આંખની મૂળભૂત રચના જાણવી મહત્ત્વપૂર્ણ છે. મુખ્ય ભાગોમાં કોર્નિયા, લેન્સ, રેટિના, ઓપ્ટિક નર્વ વગેરેનો સમાવેશ થાય છે. આ રચનાઓને સમજવાથી લાંબા ગાળાના નુકસાનને ટાળવા માટે આંખની સંભાળના મહત્ત્વને સરળ રીતે જાણી શકાય છે. આંખની રચનામાં થતાં ફેરફારો આંખની સામાન્ય સમસ્યાઓ તરફ દોરી જાય છે. જેમાં રિફ્રેક્ટિવ એરર/ પ્રતિવર્તક ભૂલો, નજીકનું તથા દૂરનું જોવામાં તકલીફ, અસ્પષ્ટ દ્રષ્ટિ; તો વળી મોતિયો, ગ્લુકોમા વગેરે સમાવિષ્ટ છે. મેક્યુલર ડીજનરેશન કે જે ખાસ કરીને વૃદ્ધ વયસ્કોમાં કેન્દ્રીય દ્રષ્ટિને અસર કરે છે. ઉપરાંત, ડ્રાય આઈ સિન્ડ્રોમનો સામનો કરવો પડે છે, જે ઘણી વાર લાંબા સમય સુધી સ્ક્રીન સમય, આંખમાં અપૂરતું આંસુનું ઉત્પાદન અને પર્યાવરણીય પરિબળોને કારણે થાય છે.

## દૈનિક જીવનમાં આંખની સંભાળ

આંખની સારી તંદુરસ્તી જાળવવા માટે સતત કાળજી લેવી જરૂરી છે.

1. 20-20-20 નિયમનું પાલન કરો: ડિજિટલ દુનિયામાં આંખની તાણને રોકવા માટે, સ્ક્રીન સમયના દર 20 મિનિટ પછી, ઓછામાં ઓછી 20 સેકન્ડ માટે 20 ફૂટ દૂર કોઈ વસ્તુને જુઓ. આ લાંબા સમય સુધી સ્ક્રીનના સંપર્કમાં રહેવાથી આંખનો તાણ ઘટાડવામાં મદદ કરે છે.

2. સંતુલિત આહાર લો: ઓમેગા -3 ફેટી એસિડ્સ, લ્યુટીન, વિટામિન C અને E જેવાં પોષક તત્ત્વો આંખના સ્વાસ્થ્યને જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. પાંદડાવાળાં લીલાં શાકભાજી, માછલી, બદામ અને સાઈટ્રસ ફળો જેવા ખોરાક આંખને અનુકૂળ પોષક તત્ત્વો માટે ઉત્તમ પસંદગી છે.

3. હાઈડ્રેટેડ રહો: યોગ્ય હાઈડ્રેશન આંખોને ભેજવાળી રાખે છે અને ડ્રાય આઈ સિન્ડ્રોમનું જોખમ ઘટાડે છે.

4. રક્ષણાત્મક ચશ્મા પહેરો: ભલે તમે કોમ્પ્યુટર પર કામ કરતા હો, રમત-ગમત કરતા હો અથવા બહાર સમય વિતાવતા હો, રક્ષણાત્મક ચશ્મા પહેરવા મહત્ત્વનું છે. યુવી પ્રોટેક્શનવાળા સનગ્લાસ હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોને તમારી આંખોને નુકસાન કરતા અટકાવે છે, જ્યારે સુરક્ષા ચશ્મા શારીરિક પ્રવૃત્તિઓ દરમિયાન તમારી આંખોને ઈજાઓથી સુરક્ષિત કરે છે.

5. ધૂમ્રપાન ટાળો: ધૂમ્રપાન મોતિયા, મેક્યુલર ડીજનરેશન અને ઓપ્ટિક નર્વને નુકસાન થવાનું જોખમ વધારે છે. ધૂમ્રપાન છોડવાથી આંખના સ્વાસ્થ્યને ખૂબ સારી રીતે ફાયદો થાય છે.

**હેલ્થ ટાઇમ**
★ ડો. મંથન શેઠ

## સ્ક્રીન વપરાશકર્તાઓ માટે આંખની સંભાળ:

આજના યુગમાં, ઘણા લોકો વધારે પડતાં સ્ક્રીન ટાઈમને કારણે આંખમાં તાણ અનુભવે છે. સ્ક્રીનનો વ્યાપકપણે ઉપયોગ કરતા લોકો માટે;

1) સ્ક્રીન સેટિંગ્સને યોગ્ય રીતે મેનેજ કરો: તમારી સ્ક્રીન લગભગ એક હાથની લંબાઈ જેટલી દૂર રાખો, આંખના સ્તરથી થોડી નીચે સ્થિત રાખો. જો જરૂરી હોય તો તેજ / બ્રાઈટનેસ ઘટાડો કે વધારો અને ટેક્સ્ટનું કદ વધારો.

2) બ્લુ લાઈટ ફિલ્ટર્સ: સ્ક્રીનમાંથી વાદળી પ્રકાશ આંખ પર તાણ પેદા કરી શકે છે. વાદળી પ્રકાશ-અવરોધિત ચશ્મા અથવા સ્ક્રીન પ્રોટેક્ટરનો ઉપયોગ કરવાનું રાખો, ખાસ કરીને રાત્રિના કલાકો દરમિયાન.

3) ઉપર જણાવ્યા મુજબ 20-20-20 નિયમ તો લાગુ પડશે જ.

4) રાત્રે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળો. જાણીતા આંખના નિષ્ણાત અને રેટિના સ્પેશિયાલિસ્ટ, ડૉ. શ્રેય રાયજીવાળા જણાવે છે કે રાત્રે અંધારામાં ફોનનો ઉપયોગ કરવાથી તમારી આંખનું સંપૂર્ણ વિઝન જઈ શકે છે અર્થાત્ અંધાપો આવી શકે છે.

## નિયમિત આંખની તપાસ અને પરીક્ષણ:.

આંખની નિયમિત તપાસ જરૂરી છે, પછી ભલે તમને કોઈ સમસ્યા ન જણાય. આંખની તપાસ ગ્લુકોમા, મેક્યુલર ડિજનરેશન અને ડાયાબિટીક રેટિનોપેથી જેવી પરિસ્થિતિઓના પ્રારંભિક સંકેતો શોધી શકે છે, જે વધુ અદ્યતન અને આગળના સ્ટેજમાં પહોંચે નહીં ત્યાં સુધી લક્ષણો બતાવી શકશે નહીં પણ જો તપાસ કરાવી હશે તો એમાં શોધી શકાશે. પુખ્ત વયના લોકો માટે, દર બે વર્ષે આંખની તપાસ કરાવવાની ભલામણ કરવામાં આવે છે અને જો તમે ચશ્મા પહેરો છો અથવા આંખની અન્ય સમસ્યાઓ હોય તો વધુ વખત, નિષ્ણાત તબીબની સલાહ અનુસાર!

## ડાયાબિટીસના દર્દીઓ માટે:

ડાયાબિટીસ ધરાવતાં લોકોએ તેમની આંખના સ્વાસ્થ્ય વિશે ખાસ સતર્ક રહેવાની જરૂર છે કારણ કે તેમને ડાયાબિટીક રેટિનોપેથીનું જોખમ હોય છે. આ સ્થિતિ, રેટિનામાં રક્તવાહિનીઓના નુકસાનને કારણે, જો યોગ્ય રીતે સંચાલિત ન કરવામાં આવે તો અંધત્વ તરફ દોરી શકે છે. ડાયાબિટીસના દર્દીઓએ આંખની વાર્ષિક તપાસ કરાવવી જોઈએ, લોહીમાં શર્કરાનું પ્રમાણ યોગ્ય જાળવવું જોઈએ અને જો જોવામાં કોઈ ફેરફાર જણાય તો તાત્કાલિક સારવાર લેવી જોઈએ.

## જીવનશૈલીમાં ફેરફાર:

જીવનશૈલીમાં સરળ ફેરફારો તમારી આંખના સ્વાસ્થ્ય પર મોટી અસર કરી શકે છે:

પૂરતી ઊંઘ મેળવો: આરામ તમારી આંખોને દિવસભરની પ્રવૃત્તિઓમાંથી સ્વસ્થ થવા દે છે અને થાકને અટકાવે છે.

નિયમિત રીતે કસરત કરો: નિયમિત કસરત રક્ત પરિભ્રમણને સુધારે છે, જે આંખના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

દારૂના સેવનને મર્યાદિત કે બંધ કરો: આલ્કોહોલનું સેવન સમય જતાં દ્રષ્ટિને અસર કરી શકે છે. ટૂંકમાં, જો તમને અચાનક દ્રષ્ટિ ગુમાવવી અથવા જોવામાં અસ્પષ્ટતા જણાય, તમારા દ્રષ્ટિના ક્ષેત્રમાં પ્રકાશના ઝબકારા અથવા ફ્લોટર દેખાય, આંખમાં તીવ્ર દુખાવો, સતત લાલાશ અથવા સોજો જણાય તો તરત આંખના નિષ્ણાત તબીબને બતાવવું. સામાન્ય રીતે, રોજિંદા જીવનમાં આંખના સ્વાસ્થ્યને જાળવવા માટે કોઈ જટિલ દિનચર્યાઓની જરૂર નથી. આ સરળ વાતોનું ધ્યાન રાખી અને પાલન કરીને, તમે તમારી દ્રષ્ટિ અર્થાત્ આંખને સુરક્ષિત કરી શકો છો અને તમારી ઉંમર સાથે આંખની તકલીફો વધવાનું જોખમ ઘટાડી શકો છો. નિયમિત આંખની તપાસ, આરોગ્યપ્રદ આહાર અને પર્યાવરણીય પરિબળોથી રક્ષણ આંખના સારા સ્વાસ્થ્યને સુનિશ્ચિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**-:: ઈત્તેફાક ::-**
લાગી થપાટ કાળની ત્યારે ખબર પડી,
જીવન-હવેલી રેતના પાયા ઉપર હતી.
-દિલહર સંઘવી